Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# ગાંધી સેવક સુમનભાઈ ભારતીનું રાનીપરજકોમના ઉત્કર્ષમાં પ્રદાન

ડો.તૃપ્તિબેન.આર.આચાર્ય
આહિર નિવાસ,નિસરાયા,તા.બોરસદ,જી.આણંદ

સારાંશ:
મહાત્મા ગાંધીના આગમન બાદ ગુજરાત અને ભારતમાં રચનાત્મક પ્રવૃતિની શરૂઆત થઈ હતી. ગાંધીજીના કહેવાથી ઘણાં સેવકોએ અંતરિયાળ વિસ્તારોમાં જઈને રચનાત્મક પ્રવૃતિ આદરી હતી જેમાં સુમનભાઇ ભારતી પણ સામેલ છે જેમણે પોતાના કાર્યક્ષેત્ર તરીકે દક્ષિણ ગુજરાતનો આદિવાસી વિસ્તાર પસંદ કર્યો હતો અને ત્યાના આદિવાસી લોકોને બાપુએ રાનીપરજ નામ આપ્યું હતું. સુમનભાઇ આ રનીપરાજ લોકોની વચ્ચે ઘણાં વર્ષો સુધી રહ્યા હતા અને તેમને સુશિક્ષિત કરવાની સાથે તેમને આર્થિક રીતે પગભર કરવાની પ્રવૃતિ કરી હતી જેને આ સંશોધન લેખમાં વિસ્તારથી સમજાવામાં આવી છે.
ચાવીરૂપ શબ્દો: રાનીપરજ, જંગલ સહકારી મંડળી, હળપતિ મહાજન, મજૂર સહકારી મંડળી

પ્રસ્તાવના:

૨૦મી સદીના ઉષા:કાલે ગુજરાતના સમાજજીવનમાં નવી ચેતનાના પ્રાદુર્ભાવ માટે ૧૯મી સદીના ઉત્તરાર્ધના કેટલાક ઉત્તેજક પરિબળોને જવાબદાર ગણી શકાય. અંગ્રેજોની વહીવટી નીતિ, વિદેશી સંસ્કૃતિ તથા જીવનરીતિનો ભારતના સુધારક અને ઉદાર મતવાદીઓનો પ્રત્યક્ષ સંપર્ક અને પરિચય તથા અંગ્રેજી કેળવણી અને સાહિત્યનો સવિશેષ સમાગમ એ સમાજસુધારક પ્રવૃત્તિને વેગવંતી કરનારા પરિબળો હતા.[૧]

૧૯મી સદી પહેલાં દલિત અને આદિવાસી વર્ગના કલ્યાણ માટે જો કોઈએ કામ ઉપાડ્યું હોય તો તે હતા વિદેશી ખ્રિસ્તી મિશનરીઓ જેણે શિક્ષણ સુધારાઓ દ્વારા સમાજમાં પરિવર્તન લાવવાનો ઉત્તમ પ્રયત્ન કર્યો હતો. આ ઉપરાંત બ્રહ્મોસમાજ, આર્યસમાજ, રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સર્વન્ટસ ઓફ ઈન્ડિયા સોસાયટીએ દલિત વર્ગોના ઉદ્ધાર માટેના કાર્યો કર્યા હતા. જે માટે ૧૯૧૩ની આસપાસ વડોદરાના સયાજીરાવ ગાયકવાડે ગાયકવાડી રાજ્યમાં ૩૦૬ જેટલી અંત્યજ શાળાઓ ખોલી હતી અને સમાજ સુધારાનું કાર્ય ઉપાડ્યું હતું.

તેવી જ રીતે લોકકલ્યાણની પ્રવૃત્તિઓ પણ ઘણા જૂના સમયથી કોઈને કોઈ રીતે સમાજમાં પ્રવર્તતી હતી. આધુનિક કાળમાં એના તરફનો અભિગમ થોડો બદલાયો હતો. ખાસ કરીને ગાંધીજીની ગ્રામવિકાસ માટેની રચનાત્મક પ્રવૃત્તિઓ, અંત્યજો, આદિવાસીઓ તથા મજૂરોના કલ્યાણ વિશેના કાર્યક્રમોથી ઉન્નતિ માટેના પ્રયત્નો અને સર્વના શિરમોડ સમા સર્વોદય માટેના પ્રયાસોને લોક કલ્યાણ કાર્યક્રમોના આધુનિક સ્વરૂપો તરીકે ગણી

શકાય.[૨]

લડત સમાપ્તિ અને સમાધાનના દિવસોમાં મહાત્મા ગાંધીજીએ એક નવો જ અભિગમ અપનાવવા જણાવ્યું હતું. આ અભિગમ પ્રમાણે વેડછી આશ્રમના અને બીજા અન્ય કાર્યકર્તાઓને હવે જેલ જવાને બદલે અને આશ્રમ સંસ્થાઓમાં રહેવાને બદલે ગ્રામીણ પ્રજાની વચ્ચે રહીને ગ્રામવિકાસની પ્રવૃત્તિઓ કરવા માટે ગ્રામ લોકોને તૈયાર કરવાના હતા. જેને ગાંધીજીની આજ્ઞા સમજીને સુમનભાઈ ભારતીએ ગ્રામલોકોની સેવા તેમની વચ્ચે જઈને કરવાનું નક્કી કર્યું હતું. અને તેમણે વેડછીના આજુબાજુના વિસ્તારમાં સમાજસેવાની શરૂઆત કરી હતી.[૩]સુમનભાઈ ભારતીનો જન્મ હાલના ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામે એક વણકર પરિવારમાં તા.૨૪-૦૧-૧૯૨૧ના રોજ માતા મોંઘીબહેનની કૂખે થયો હતો. તેમના પિતાનું નામ મોરારજીભાઈ હતું. સુમનભાઈ ભારતી નારદીપુર ગામના વણકરવાસમાં માટીના ખોરડામાં જન્મ્યા હતા. કાદવમાં જેમ કમળ ખીલી ઉઠે અને ધરતીને સુંદર આકર્ષક બનાવે તેમ અછૂત કુટુંબમાં જન્મેલ આ કમળરૂપી નાનકડું સુમનભાઈરૂપી ફૂલ ખીલવા લાગ્યું હતું

આદિવાસી વિકાસના કાર્યો (સહકારી મંડળ પ્રવૃત્તિ)

નવા સમાજની આર્થિક વ્યવસ્થાના સ્વરૂપે અને સામાજિક સંબંધોના સ્વરૂપે અથવા નવા સમાજના સામાજિક સંગઠનના સ્વરૂપે સહકારી વ્યવસ્થાનો સમાવેશ ગાંધીવાદી વિચારસરણીમાં કરવામાં આવ્યો હતો. સહકારી મંડળીઓનો કાયદો આઝાદી પૂર્વેથી અસ્તિત્વ ધરાવતો હતો. પરંતુ આઝાદી બાદ રાજ્યની નીતિ સહકારી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાની રહી છે.[૪] જેના ફળ સ્વરૂપે નીચે મુજબની મંડળીઓ અસ્તિત્વમાં આવી હતી.

બારડોલી તાલુકા મજૂર સહકારી મંડળી

સુમનભાઈ ભારતીએ સૌપ્રથમ કામ બારડોલી તાલુકા મજૂર સહકારી મંડળી સાથે જોડાઈને કર્યું હતું. તેમાં તેઓએ વેડછી અને બારડોલીની આજુબાજુના ગામડાઓનો સંપર્ક થતાં ગ્રામીણ બેરોજગારીનાં ઉપાય શોધવાનું શરૂ કર્યું હતું. જેમાં રસ્તાઓ- બાંધવા, રેલ્વે અને રસ્તાની સાઈડ ઉપરના નકામા વૃક્ષો કાપવા, જંગલના વાંસ અને વૃક્ષો કાપીને વેચવા તથા નહેરોને ખોદવી તથા બાંધવી વગેરે જેવા કામો આ મંડળીમાં શરૂ કર્યા હતા. જેના દ્વારા અનેક આદિવાસી કુટુંબોને રોજી મળતી થઈ હતી.[૫]

આ મજૂર મંડળી હોવાથી મજૂરોના તેમના કામના કલાકો નક્કી કરવામાં આવ્યા હતા. તેમના કામના કલાકો મુજબનું વેતન પણ નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં મજૂરોને મજૂરી પેટે કેટલુંક અનાજ અને કેટલીક રોકડ રકમ મળતી થઈ હતી. આમ સુમનભાઈ ભારતીનાં આ કાર્યથી ઘણા કુટુંબો સુખી બન્યા હતા અને તેમનું આર્થિક જીવનધોરણ પણ સુધર્યું હતું.[૬]

વાલોડ અને મોરદેવી જંગલ સહકારી મંડળી

સ્વરાજ્ય પહેલાં સુમનભાઈ ભારતી અને વેડછી ક્ષેત્રના કાર્યકર્તાઓ વ્યારા, સોનગઢ, માંડવી વગેરેના જંગલોમાં ફરતા તો ખરા, પરંતુ એમનો મોટાભાગનો સંબંધ માત્ર એ જંગલોને કિનારે વસેલા રાનીપરજના ગામડા જોડે હતો. આ ગામના લોકો

ચોમાસુ પતી જાય પછી જંગલ કાપવા જતા હતા પણ તેમની તે પ્રવૃત્તિ સાથે વેડછીના કાર્યકર્તાઓને ઝાઝો કોઈ સંપર્ક ન હતો જંગલખાતાના નોકરો, શાહુકારો કે કોન્ટ્રાક્ટરો વિશેની ફરિયાદો એમણે સાંભળી હતી ખરી, પરંતુ આ ક્ષેત્રમાં સર્વોદય સેવકો માટે મહત્વનું એક કાર્યક્ષેત્ર પડ્યું છે. એનું ભાન તો એમને પહેલીવાર બાળાસાહેબ ખેરે કરાવ્યું હતું જેમણે થાણા જિલ્લામાં વસતા આદિવાસીઓ સાથે કામ કર્યું હતું. ખેરસાહેબ પાસે આ લોકો પર ગુજારવામાં આવતા અમાનુષી અત્યાચારોમાં તેમને લાકડાની ભઠ્ઠીમાં જીવતા બાળી મૂકવા સુધીની ફરિયાદો આવી હતી.[૭] એટલે એમણે વિચાર કર્યો હતો કે જંગલો કાપવાની આખી પ્રવૃત્તિને કોન્ટ્રાક્ટરો પાસેથી કઢાવી જંગલવાસીઓની સહકારી મંડળી રચી તેમના હસ્તક મુકવાથી આ લોકો પરના જુલ્મ દૂર થશે. તેથી થાણા જિલ્લાના રચનાત્મક સેવક આચાર્યભિંસે એ આવી એક મંડળીની રચના કરી હતી. જુગતરામભાઈને આ કામ ઉપાડી લેવા ખેર સાહેબે નિમંત્રણ આપ્યું ત્યારે જુગતરામભાઈએ વિચાર્યું હતું કે આવી મંડળીઓમાં જો સેવકોને વચ્ચે રહેવાની છૂટ હોય અને સરકાર જો વૈજ્ઞાનિક સહાયતા આપે તો જ જવાબદારી લઈ શકાય. આ બન્ને પ્રકારની જોગવાઈઓ ખેરસાહેબે પોતાની યોજનામાં રાખી હતી. તેથી જુગતરામભાઈએ આ કામનું બીડું ઝડપ્યું હતું. અને સૌપ્રથમ માંડવી તાલુકાના જંગલ માટેની મંડળીની રચના થઈ હતી. જેનું સંચાલન મકનજીબાબા અને રામચંદ્ર ઉપાધ્યાયને સોંપવામાં આવ્યું હતું. આ મંડળી સુમનભાઈ ભારતી જેવા કાર્યકરો માટે ઉદાહરણરૂપ હતી. તેથી તેમણે પણ વાલોડ અને મોરદેવી જંગલ સહકારી મંડળીની રચના કરી હતી. જેનું કાર્ય પણ માંડવીની સહકારી મંડળી જેવું હતું. આ પછી તો બીજી અનેક જગ્યાઓએ આવી મંડળીઓ જંગલ કામદારો એ પોતાને હસ્તક લીધી હતી. આર્થિક દૃષ્ટિએ આ મંડળીઓ વેડછી અને તેની સામાજિક સંસ્થાઓ માટે ખૂબ લાભદાયક નીવડી હતી.[૮] એનાથી જંગલોના કામમાંથી કોન્ટ્રાક્ટરોની દલાલી લગભગ પૂરેપૂરી ખતમ થઈ જવા પામી હતી. આગળ જતાં સુરત જિલ્લાની આવી ૪૦ જેટલી મંડળીઓ ભેગી થઈને 'સુરત જિલ્લા જંગલ સહકારી સંઘ' સ્થાપ્યો હતો. જેના દ્વારા આ મંડળીઓનું સંચાલન લાંબાગાળે સુધી ચાલતું રહ્યું હતું.[૯] સુમનભાઈ ભારતીએ આ સહકારી મંડળીઓ દ્વારા રાનીપરજના કેટલાય કુટુંબોને સશક્ત કર્યા હતા. તેમના કાર્યો નીચે મુજબના હતા :

- સહકારી મંડળીઓનો હિસાબ-કિતાબ રાખતા હતા અને કેટલાક ભણેલા યુવાનને આ દિશામાં તૈયાર કર્યા હતા.
- મજૂરોના બાળકો માટે બાલવાડી પણ ચલાવતા હતા.
- મજૂરોના બાળકોમાં સંસ્કાર સિંચવાનું કામ પણ સુમનભાઈ ભારતી કરતા હતા.
- જંગલ સહકારી મંડળી પોતાના વનગ્રામોની ખેતીવાડી વિકાસ પામે, નિવાસો, કૂવા, રસ્તા વગેરે જેવી પ્રાથમિક સગવડો સારા પ્રકારની થાય એ દિશામાં પણ પ્રયત્નો કરતી હતી.
- મંડળીઓ પોતાની ગ્રામપંચાયતોમાં પણ રસ લેતી અને જાહેરસેવાના કામો પણ કરતી હતી.

- મંડળીઓ વૃક્ષો કાપવા, તેમ જ તેને રેલ્વે સ્ટેશનો સુધી લઈ જવાનું કામ પણ કરતી હતી.[10]
- કાપેલા વૃક્ષોની જગ્યાએ નવા વૃક્ષો પણ વાવવાનું કામ કરતી હતી.

આમ જંગલ સહકારી મંડળીની રચના કર્યા બાદ ત્યાંના રાનીપરજ લોકોમાં ખૂબ જ સારો આર્થિક-વિકાસ જોવા મળ્યો હતો. સુમનભાઈ ભારતીનું આ કામ ખરેખર બિરદાવવા યોગ્ય હતું. તેમણે ગાંધીજીની આજ્ઞાને સાચા અર્થમાં સિદ્ધ કરી બતાવી હતી. અને તેમના સર્વોદય, છેવાડાના માનવીનો વિકાસ, આદિવાસીઓ દ્વારા આદિવાસીઓના વિકાસ આ બધા જ કામો આ જંગલ સહકારી મંડળીના કામોથી પૂર્ણ થયા હતા.

બારડોલી તાલુકા હળપતિ મહાજન ખેત-મજૂર સંગઠન

સુમનભાઈ ભારતી બારડોલી તાલુકાના હળપતિ (દુબળા) આદિવાસીઓની ગુલામમાંથી મુક્તિ પ્રક્રિયાના પણ સાક્ષી હતા. તેઓએ "બારડોલી તાલુકા હળપતિ મહાજન ખેતમજૂર સંગઠન"ની સાથે રહીને આ આદિવાસીઓની ઘણી સેવા કરી હતી.સુરત અને ભરૂચ જિલ્લાના દક્ષિણ ભાગમાં ઉપરાંત થાણા, દહાણ, ઉમરગામ તરફના ઉપરના ભાગમાં 'હાળીપ્રથા' નામે ઓળખાતી એક વિચિત્ર પ્રથા વર્ષોથી ચાલતી હતી. હાળીપ્રથા એટલે બાંધેલા ચાકરોની પ્રથા એમ સામાન્ય રીતે કહી શકાય. હિંદના બીજા કોઈપણ ભાગમાં આવી પ્રથા અસ્તિત્વમાં હોવાનું જાણવામાં નથી. આ પ્રદેશના મૂળ વતનીઓને 'દુબળા' ને નામે ઓળખવામાં આવતા હતા. દુબળા શબ્દ 'દુર્બળ' નો અપભ્રંશ માની શકાય છે. આ દુબળાઓને ઓળખાવવા માનવાચક શબ્દ 'તળાવિયાનો' પણ પ્રયોગ થતો હતો. વર્તમાનમાં તેઓ હળપતિ તરીકે ઓળખાય છે. આ પ્રદેશોમાં પાછળથી આવીને વસેલા ઉજળિયા જ્ઞાતિના કહેવાતા ખેડૂતોએ ખાસ કરીને પાટીદારો અને અનાવિલોએ આ પછાત કોમના લોકોને આજીવન ચાકર રાખવાની પ્રથા ઊભી કરી હતી.[11] હળપતિઓમાં પરણનાર પુરુષને કન્યાના પિતાને વાંકડા તરીકે અમુક ચોક્કસ રકમ આપવાની થતી હતી. તેથી તેઓ આ રકમ ઉજળિયાત ખેડૂતો પાસેથી ઉધાર લેતા હતા. અને તેના બદલામાં તે જીવે ત્યાં સુધી એ ખેડૂતને ત્યાં કામ કરવાને માટે બંધાયેલો રહેતો હતો. જેમાં પુરુષ ગુલામ મુખ્યત્વે ખેતીકામ કરતાં અને સ્ત્રી ગુલામ ઘરકામ કરતી હતી.[12]

આ પ્રથાને સુમનભાઈ ભારતી 'હાળીધણિયામા'ની પ્રથા તરીકે ઓળખાવતા હતા. તેઓએ હળપતિઓને આ ગુલામીભર્યા જીવનથી મુક્ત કરાવવા માટે અને તેમના પરિવારોમાં સ્વમાનભરી સ્વરોજગારી સાથે વિકાસ સાધવાની પ્રવૃત્તિઓ વિકસે તે હેતુથી જગતરામભાઈ, ઝવેરભાઈ અને છોટુભાઈની સાથે મળીને કેટલાક પ્રયત્નો શરૂ કર્યા હતા. તેમાં સંગઠિત રીતે આગળ વધી શકાય તે માટે અમદાવાદના મજૂર મહાજન મંડળના ધોરણે બારડોલી તાલુકા હળપતિ ખેતમજૂર મહાજનની રચના પણ કરવામાં આવી હતી. હળપતિ ખેતમજૂર મહાજનની રચના પણ કરવામાં આવી હતી. હળપતિ ખેતમજૂર મહાજન મંડળ દ્વારા ખેડૂત સાથેની ખેતમજૂરી અને ઘરકામની યોગ્ય મજૂરી વગેરેને લગતા પ્રશ્નોને હલ કરી ઉપરાંત સ્વરોજગારીની તાલીમ મેળવી તેમને પગભર બનાવવા માટેના આયોજનો કરવામાં આવતા હતા. આગળ જતાં બારડોલી તાલુકા હળપતિ મહાજનને તેના આજીવન સેવક શ્રી છોટુભાઈ દેસાઈના દિકરા અરવિંદ દેસાઈએ 'હળપતિ

સેવા સંઘ' નામે વિકસાવ્યો હતો. જે આજે પણ દક્ષિણ ગુજરાતમાં હળપતિઓમાં રોજગારી, કેળવણી, આશ્રમશાળાઓ વગેરે જેવા કાર્યો માટે પ્રવૃત્ત છે.[૧૩]

આમ સુમનભાઈ ભારતીએ હળપતિઓની આર્થિક સામાજિક પરિસ્થિતિઓમાં સુધારો કરવા અને તેમને ગુલામીમાંથી છોડાવવા માટે આગવું પ્રદાન કરેલ છે. જે ભાગ્યે જ કોઈ બીજા દલિત નેતાએ કર્યું હશે.

સોનગઢ તાલુકા વાંસકામદાર મંડળી

સુમનભાઈ ભારતી આશ્રમશાળાની વિવિધ કામગીરીઓની સાથે અતિ વ્યસ્ત સમયગાળામાં પણ આશ્રમશાળાના શિક્ષક-શિક્ષિકા ભાઈ-બહેનોની સાથે મળીને આજુબાજુના ગ્રામીણ ગરીબો અને તેમાં પણ અતિ પછાત એવા કોટવાળિયા વાંસ કામદારોના વિકાસ માટેની પ્રવૃત્તિઓ કરતા હતા. કોટવાળિયા જ્ઞાતિનો મુખ્ય વ્યવસાય જંગલોમાં ઉગતા વાંસમાંથી વિવિધ પ્રકારની ઘરવપરાશની અને રોજીંદા જીવનમાં ઉપયોગી એવી ચીજવસ્તુઓ બનાવવાનો હતો. સામાન્ય રીતે આ વિસ્તારના કોટવાળિયા આદિવાસીઓ સરકારની યોજના પ્રમાણે જંગલોમાંથી વાંસ કાપી અને તેને માથે ઉંચકીને તેમના નિવાસસ્થાન સુધી લાવતા હતા. પછી આ વાંસને કાપીને તેને સાફ કરીને તેમાંથી ટોપલો, સૂંપડાં, પાલા, ચટ્ટાઈ જેવી ચીજો બનાવતા હતા. પરંતુ અહીં પણ જંગલોના કોન્ટ્રાક્ટરો દ્વારા આ આદિવાસીઓનું ભરપુર શોષણ કરવામાં આવતું હતું. અહીંના આદિવાસીઓ દ્વારા તૈયાર કરવામાં આવતા માલના બદલામાં વેપારીઓ અનાજ, કપડાં અને થોડુંક રોકડ ધીરાણ વગેરે આપતા હતા. આ વ્યવહારમાં 'કરવત જતીએ વહેરે અને આવતીએ વહેરે' તેવો ઘાટ થતો હતો. જેમાં દલાલો જે માલ રાખે એના બદલામાં વેતનરૂપે અપાતી જુવાર, કોદરા, નાગલી વગેરે ચીજોમાંથી પણ નફો પડાવતા હતા અને આ રીતે વાંસ કામદાર આદિવાસીઓનું શોષણ કરતા હતા. તેથી આવા શોષણમાંથી મુક્તિ અપાવવાના હેતુથી સુમનભાઈ ભારતીએ કોટવાળિયા વાંસકામદારોની એક સહકારી મંડળી બનાવવાનું નક્કી કર્યું હતું. અને એ પ્રમાણે આ પ્રદેશની સર્વપ્રથમ સોનગઢ તાલુકા વાંસકામદારોનું શોષણ અટક્યું હતું. તેમની વચ્ચેથી કોન્ટ્રાક્ટરો નફો ઘટતાં આપોઆપ દૂર થઈ ગયા હતા. આ આદિવાસી વાંસકામદારો માટે વાંસકામદાર મંડળી દ્વારા મજૂરોનું વેતન નક્કી કરાયું હતું. તેમના બાળકો માટે બાલવાડી અને આશ્રમશાળાઓ પણ ચાલુ કરવામાં આવી હતી. આમ સુમનભાઈ ભારતીના આ પ્રયોગથી આદિવાસીઓનું આર્થિક અને સામાજિક ઘડતર તો થયું જ સાથે સાથે તેઓ આ મંડળીને ચલાવતા પણ થયા હતા અને પોતે જ પોતાનો વિકાસ કરતા થયા હતા.[૧૪]

સહકારી ઘર મંડળી અને દૂધ ઉત્પાદક સહકારી મંડળી

સુમનભાઈ ભારતીએ સ્વરાજને સુરાજ્ય બનાવવાના હેતુથી તથા પ્રજા સ્વરાજને તેને લાયક બનાવવા માટેના અનેકવિધ રચનાત્મક કામ કરવાના હેતુથી 'પ્રજા દ્વારા પ્રજાના વિકાસ' અને 'લોકો દ્વારા લોકોનો વિકાસ' નો અભિગમ સ્વીકારી સ્વેચ્છાએ તીતવા ગામની પસંદગી કરી. તીતવા ગામ રહેવાનું શરૂ કર્યું હતું. સુમનભાઈ ભારતીએ તીતવા ગામમાં કોઈપણ પ્રકારની સહાય કે બજેટ વિના એક ઝૂંપડી આશ્રમની સ્થાપના કરી હતી. જેને તેમણે 'ગ્રામસેવા કેન્દ્ર તીતવા' એવું નામ આપ્યું હતું. આ આશ્રમની ચારેબાજુ

નજીકનાં આદિવાસીઓના મકાનો સરકારી ભંડોળમાંથી બને તે માટે તેમણે સરકારમાં રજૂઆત પણ કરી હતી. અને તેમાં તેઓ સફળ થયા હતા. અને નજીકમાં જ ગરીબ, પરિવારો માટે નાના અને મજબૂત પાકા મકાનો ઊભા કરાયા હતા. જેને ગ્રામવાસીઓની સહકારી ઘરમંડળી એવું નામ આપવામાં આવ્યું હતું. આ ઘરોની રચના થઈ ગયા બાદ ત્યાં જે પશુપાલકો હતા. તેમને બધાને ભેગા કરીને એક દૂધ ઉત્પાદક સહકારી મંડળી તીતવાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અને તેના દ્વારા ગામનું વધારાનું દુધ તે મંડળી દ્વારા બહારના ગામોમાં વેચીને નાણા કમાવવાની પ્રવૃત્તિ વિકસાવી હતી. આ ઉપરાંત ત્યાં એક યુવાને રેશનીંગની દુકાન પણ શરૂ કરી હતી.[૧૫]

સમાપન

આમ સુમનભાઈ ભારતીએ પોતાના આશ્રમની આજુબાજુ એક આખું ગામ ઊભું કરી દીધું હતું. અને ગામના લોકોને આર્થિક રીતે સદ્ધર બનાવવાના અનેક પ્રયોગો પણ તેમણે કર્યા હતા. જેના થકી અનેક આદિવાસી પરિવારો આર્થિક રીતે મજબૂત અને ખુશહાલ જિંદગી જીવતા થયા હતા.ગુજરાતમાં અનેક ગાંધીવાદી રચનાત્મક કાર્યકરો થયા છે પણ આદિવાસી સમાજના લોકોને આર્થિક સમૃદ્ધિ કેવી રીતે લાવવી અને પોતાના જીવનને સમૃદ્ધ કરવું તે કદાચ સુમનભાઇ જેવા ખૂબ ઓછા સેવકોના કાર્યોમાં આપણને જોવા મળે છે.

પાદનોંધ

૧. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર અને પરીખ.પ્ર.ચિ., આઝાદી પહેલાં અને પછી,ભો.જે.વિધ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃતિ ૧૯૮૭, પૃ.૨૦૨

૨. શાહ અંજના બી. સમાજસુધારણામાં ગાંધીજીનું પ્રદાન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, પ્રથમ આવૃતિ ૧૯૮૧,પૃ.૩૭

૩. ભારતી વિનય અને ભારતી આનંદ,વંચિતોના સાથી સુમનભાઈ ભારતી, વંચિતોના સાથી પ્રકાશન સમિતિ, અમદાવાદ, પ્રથમ આવૃતિ,૨૦૦૭, પૃ.૧૦

૪. દેસાઈ આઈ.પી., વેડછી આંદોલન : સમાજશાસ્ત્રીય અભ્યાસ, સેન્ટર ફોર સોશીયલ સ્ટડીઝ, સુરત, પ્રથમ આવૃતિ ૧૯૮૨, પૃ.૮૫

૫. ઉપરોક્ત પાદનોંધ, -૪, પૃ.૨૦

૬. એજન, પૃ.૨૦

૭. દવે જુગતરામ, વેડછીનો વડલો, ગ્રામસેવા સમાજ વ્યારા, પ્રથમ આવૃતિ, ૧૯૮૪, પૃ.૧૬૫

૮. એજન, પૃ.૧૬૬

૯. એજન, પૃ.૧૬૬

૧૦. દવે જુગતરામ, મારી જીવનકથા, નવજીવન પ્રકાશન મંદિર, પ્રથમ આવૃતિ, ૧૯૭૫,પૃ.૨૪૫-૨૪૬

૧૧. દેસાઈ આઈ.પી. રાનીપરજમાં જાગૃતિ, સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ, પ્રથમ આવૃતિ,૧૯૭૧,પૃ.૧૫૦

૧૨. ઉપરોક્ત પાદનોંધ-૪, પૃ.૨૦

૧૩. એજન, પૃ.૨૦-૨૧

૧૪. એજન, પૃ.૨૭

૧૫. એજન, પૃ.૧૬